કપડવંજમાં ટ્રાફિકથી વ્યસ્ત કુબેર ચોકડીથી અનારા રોડ ડબલ લેન બનાવવા તૈયારી

# કપડવંજ શહેરની કુબેર ચોકડી પર કાયમી ટ્રાફિક પોલીસ પોઈન્ટ ઊભો કરવા માંગ

**૨૦થી** વધુ સોસાયટી, હોસ્પિટલો અને ૨૫ ગામોને જોડતા ધમધમતા માર્ગ પર દબાણો



(પ્રતિનિધિ) કપડવંજ તા.૭

કપડવંજની કુબેરજી ચોકડીથી અનારા રોડ સુધીના અંદાજે ૧૬ કિલોમીટર લાંબા માર્ગને ડબલ લેન કરવાની ટેન્ડરિંગ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ દ્વારા ટૂંક સમયમાં જ આ કામગીરી શરૂ કરવામાં આવશે. જોકે, હાલ આ માર્ગ પર ભારે વાહનવ્યવહાર, ગેરકાયદે દબાણો અને અવારનવાર થતા નાના-મોટા અકસ્માતોના કાયમી નિવારણ માટે કુબેર ચોકડી પર કાયમી પોલીસ ટ્રાફિક પોઈન્ટ કે ચોકી ઊભી કરવા લોકશાહી ઢબે ઉગ્ર માંગ ઉઠી છે.

કપડવંજ શહેરમાં કુબેરજી ચોકડીથી દાણા રોડ તરફનો માર્ગ ચોવીસેય કલાક વાહનવ્યવહારથી ભારે ધમધમતો રહે છે. આ વ્યસ્ત માર્ગ પર આશરે ૨૦ જેટલી રહેણાંક હાઉસિંગ સોસાયટીઓ, બે મોટા ધાર્મિક સ્થાનો, અનેક હોસ્પિટલો અને વ્યાપારી સંકુલો આવેલા છે. ધાર્મિક સ્થાનો પર અવારનવાર યોજાતા વિવિધ ઉત્સવો અને મેળાઓમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા હોવાથી અહીં ટ્રાફિક વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ જાય છે.

કુબેર ચોકડીથી અનારા સુધીનો આ માર્ગ અંદાજે ૧૬ કિલોમીટર લાંબો છે, જે ૨૫ જેટલા નાના-મોટા ગામોના અવરજવર માટેનો મુખ્ય રસ્તો છે અને તે આગળ જઈને સીધો મહત્વના ઈન્દોર હાઈવેને જોડે છે. આટલો સંવેદનશીલ અને વ્યસ્ત માર્ગ હોવા છતાં, હાલમાં કુબેર ચોકડી પાસે ગેરકાયદે દબાણોના કારણે અવારનવાર ચક્કાજામ સર્જાય છે, જેના લીધે વાહનચાલકો અને રાહદારીઓ અકસ્માતનો ભોગ બને છે.

આ વિકરાળ ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ દ્વારા આ માર્ગને ડબલ લેન (પહોળો) કરવાની મંજૂરી આપી દેવાઈ છે અને તેના ટેન્ડર પણ મંજૂર થઈ ગયા છે, જેથી ટૂંક સમયમાં રોડ પહોળો કરવાનું કામ શરૂ થશે. રસ્તો ડબલ લેન બનવાથી બંને બાજુ રસ્તો પહોળો થશે, પરંતુ તેની સાથે વાહનોની સ્પીડ વધવાને કારણે અકસ્માતોની ભીતિ પણ વધુ સેવાઈ રહી છે.

ગ્રામીણ ડિજિટલાઇઝેશન અને ખેડૂતલક્ષી સેવાઓની રાષ્ટ્રીય સ્તરે લેવાયેલી નોંધ

# નડિયાદ કેડીસીસી બેંકના ચેરમેનને રાષ્ટ્રીય નિર્માણ રત્ન એવોર્ડ અપાયો

**ચેરમેને** સન્માનનો શ્રેય સમગ્ર કર્મચારી ગણ અને સંચાલક મંડળને આપ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

નડિયાદ સ્થિત કેડીસીસી બેંકના કાર્યશીલ ચેરમેન તેજસકુમાર બી. પટેલને સહકારી બેંકિંગ ક્ષેત્રના વિકાસ, સામાજિક સેવાઓ તથા રાષ્ટ્રની પ્રગતિમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ 'ગ્લોબલ અચીવર્સ કાઉન્સિલ' દ્વારા પ્રતિષ્ઠિત 'રાષ્ટ્રીય નિર્માણ રત્ન એવોર્ડ - સહકારી બેંક વિકાસ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર તેમના વિકાસલક્ષી અભિગમ, ઉત્તમ કામગીરી




અને સામાજિક સેવાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતાને બિરદાવે છે.

આ સન્માન પાછળનો મુખ્ય આધાર તેજસકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ બેંકમાં લાવવામાં આવેલ ડિજિટલ પરિવર્તન છે. પરંપરાગત બેંકિંગ પદ્ધતિઓથી આગળ વધીને, તેમણે ગ્રામ્ય વિસ્તારના લોકો, સામાન્ય ગ્રાહકો અને ખેડૂતો સુધી અત્યાધુનિક અને વિવિધ બેંકિંગ સેવાઓ સરળતાથી પહોંચાડીને સહકારી માળખાને પાયામાંથી મજબૂત બનાવ્યું છે. આ રાષ્ટ્રીય સિદ્ધિ પર પ્રતિક્રિયા આપતા ચેરમેને નમ્રતાપૂર્વક જણાવ્યું હતું કે, આ સન્માનનો શ્રેય સમસ્ત સંચાલક મંડળ તથા KDCC બેંકના કર્મચારીઓની મહેનતને આભારી છે. આ ગૌરવપૂર્ણ અવસરે બેંકના સંચાલક મંડળ, અધિકારીઓ અને સમગ્ર બેંક પરિવારે તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે અને તેમના નેતૃત્વમાં બેંક નવી ઊંચાઈઓ સર કરે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

# ખંભાતના નવાગામ વાંટાના ખેતરમાંથી યુવકની લાશ મળી

(પ્રતિનિધિ) ખંભાત તા.૭

ખંભાત તાલુકાના નવાગામ વાંટામાં આવેલા એક ખેતરમાંથી બે દિવસથી ગુમ થયેલા એક ૪૩ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, નગરા ગામના ટેકરાફળી ખાતે રહેતા ૪૩ વર્ષીય અશ્વિનભાઈ ઉર્ફે ચંદુભાઈ ભયલાલભાઈ મકવાણા ગત તારીખ ૦૪/૦૯/૨૦૨૬ના રોજ રાત્રિના સુમારે રહસ્યમય રીતે ગુમ થયા હતા. જે બાદ તારીખ ૦૬/૦૯/૨૦૨૬ના રોજ સવારના આશરે સાડા નવ વાગ્યાની આસપાસ નવાગામ વાંટામાં આવેલ વિજયભાઈ પુનમભાઈ દુલેરાના સર્વે નંબર ૧૭૮ વાળા ખેતરમાં પાણી ભરાયેલું હોવાથી તેમનો મૃતદેહ ત્યાં તરતો જોવા મળ્યો હતો. મૃતદેહ લાંબા સમય સુધી પાણીમાં રહેવાના કારણે ફુલાઈ ગયેલી હાલતમાં મળી આવી હતી. આ વાત સમગ્ર પંથકમાં વાયુવેગે પ્રસરતાં સ્થાનિક લોકો તથા આજુબાજુના ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ બનાવ અંગે મૃતકના ભાઈ અરૂણભાઈ ભઈલાલભાઈ મકવાણાએ ખંભાત રૂરલ પોલીસ મથકે જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવાની તજવીજ હાથ ધરી હતી. યુવકનું મૃત્યુ કયા અગમ્ય કારણોસર થયું છે અથવા આ પાછળ કોઈ અકસ્માત જવાબદાર છે કે કેમ, તે તમામ પાસાઓ પર તપાસ કરવા પોલીસે હાલ અપમૃત્યુનો ગુનો દાખલ કરી તપાસ તેજ કરી છે.

## પેટલાદમાં મહાબલ ગ્રુપ દ્વારા શ્રીજીનું ભવ્ય આગમન: વેશભૂષા અને આતશબાજીનું આકર્ષણ બન્યાં




પેટલાદના સાંઈનાથ રોડ ગણેશ મહોત્સવ માટે ભગવાન ગણેશજીની ભવ્ય આગમન યાત્રા પ્રસ્થાન થઈ હતી. આ યાત્રામાં વડોદરાના વક્રતુંડ ઢોલ તાસા ગ્રુપના ૭૦ યુવક-યુવતીઓ અને અયાંશ ડીજેના તાલે યુવાનો ઉત્સાહભેર જોડાયા હતા. દિલ્હીના સોનુ મહાદેવ આર્ટ ગ્રુપના કલાકારોએ મહાદેવ, પાર્વતી, અઘોરી અને કાલી માતાની વેશભૂષા રજૂ કરી નગરજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. રણછોડજી મંદિર ચોકમાં ઝાકમઝોળ લાઈટીંગ શો અને એઆર ફાયર વર્ક્સના SFX ફાયર શો વચ્ચે શ્રીજીનું ભવ્ય સ્વાગત કરાયું હતું. આ આગમન યાત્રામાં મુખ્ય દાતા ભાવેશભાઈ સોની ડીએનડી બ્રધર્સ, પાલિકા ઉપપ્રમુખ મનિષ શાહ, શાળા કમિટી ચેરમેન ભાવિન પટેલ, શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર (બુધાભાઈ) પટેલ, અનમોલ શાહ સહિત નગરજનો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા. આગમન યાત્રાને ભવ્ય બનાવવામાં મહાબલ ગ્રુપના આયોજકો જલ્પ ભોઈ, જયદીપ સોની, અભી વાઘેલા, દેવ મેંગર, રુદ્ર સોની સહિત સભ્યોનો ફાળો હતો. - **વિનાયક આણંદજીવાલા**

# કડાણામાં એસટી બસ ડ્રાઈવર સાથે ૧.૪૮ લાખની છેતરપિંડી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૭

કડાણા તાલુકાના દિવડા ગામે રહેતા અને એસટી નિગમમાં બસ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા જયપાલસિંહ ચંદુસિંહ રાજપૂત સાથે સાયબર ગઠિયાએ ક્રેડિટ કાર્ડ લિમિટ વધારવાના બહાને રૂ. ૧.૪૮ લાખની છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ગત ૨૮મી ઓગસ્ટના રોજ જયપાલસિંહ ઘરે હાજર હતા ત્યારે તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. સામા છેડેથી બોલનાર શખ્સે પોતે આઈસીઆઈસીઆઈ બેંકમાંથી બોલતો હોવાનું જણાવી ક્રેડિટ કાર્ડની લિમિટ વધારીને રૂ. ૫ લાખ કરી આપવાની લલચામણી ઓફર આપી હતી. બાદમાં તેણે જયપાલસિંહ પાસેથી.APK એક ફાઈલ મોકલી હતી અને તેને ડાઉનલોડ કરવા જણાવ્યું હતું. જયપાલસિંહે વિશ્વાસ રાખી જેવી આ ફાઈલ મોબાઈલમાં ઈન્સ્ટોલ કરી કે તુરંત તેમનો મોબાઈલ ફોન હેક થઈ ગયો હતો.

બાદમાં મોબાઈલમાં આપોઆપ ઓટીપી આવવા લાગ્યા હતા અને સાંજે ૩:૫૭ થી ૫:૫૫ વાગ્યાના ટૂંકા ગાળામાં તેમના બે અલગ-અલગ ક્રેડિટ કાર્ડમાંથી કુલ રૂ. ૧,૪૮,૦૬૦/- ઉપડી ગયા હોવાના મેસેજ મળ્યા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલૂમ પડતાં તેમણે તુરંત બેંકનો સંપર્ક કર્યો હતો અને બાદમાં રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. કડાણા પોલીસે અજાણ્યા મોબાઈલ ધારક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદના સારસા ગામમાં પરંપરાગત જન્માષ્ટમી લોકમેળામાં જનમેદની ઉમટી

**આણંદ** | સારસા ગામમાં છેલ્લા ૭૨ વર્ષથી પણ વધુ સમયથી



પરંપરાગત રીતે જન્માષ્ટમીના ભવ્ય લોકમેળાનું આયોજન કરવામાં આવે છે. આ મેળાના પાવન અવસરે આસપાસના પંથકના આશરે ૧૦ થી ૧૨ ગામોની જનતા ઉત્સાહભેર અહીં એકત્રિત થાય છે. અહીં આવતા મેળાર્થીઓ સત કૈ કઈવલ ધામ, બહુચર માતાની વાવ, ગાયત્રી શક્તિપીઠધામ, વૈજનાથ મહાદેવ, અંબાજી મંદિર, સનીપર ધામ અને રામજી મંદિરના દર્શન કરી ધન્યતા અનુભવે છે. સમગ્ર આયોજન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે સારસા નગર પંચાયત અને ખંભોળજ પોલીસ દ્વારા સુંદર કામગીરી કરવામાં આવે છે.

### આણંદના રાસનોલની રામપુરા પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની અનોખી ઉજવણી કરાઇ



**આણંદ** | રાસનોલ ખાતે આવેલી રામપુરા પ્રાથમિક શાળામાં ૫મી સપ્ટેમ્બરે 'શિક્ષક દિન' નિમિત્તે શિક્ષક બનેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો સુંદર કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે 'સુખ દુઃખ ના સાથી મિત્રો ગ્રુપ, રાસનોલ' અને 'મેટર કિંગ બન્ના ગ્રુપ, આણંદ જિલ્લા' ના સભ્યો દ્વારા બાળકોને વિનામૂલ્યે ચોપડા અને પેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, શિક્ષણના પવિત્ર કાર્યમાં જોડાયેલા શાળાના વિદ્યાર્થીઓ અને સમગ્ર શિક્ષક ગણને પણ પેન આપીને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### લુણાવાડાની આદર્શ વિદ્યાલયમાં ભૂલકાંઓ દ્વારા જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરાઇ

**લુણાવાડા** | લુણાવાડાની આદર્શ વિદ્યાલય ખાતે શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પાવન પર્વની હર્ષોલ્લાસ અને ભક્તિમય વાતાવરણમાં



ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના નાના બાળકો રાધા-કૃષ્ણની મનમોહક વેશભૂષામાં સજ્જ થઈને આવ્યા હતા અને રાસ-ગરબા તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. ઉત્સવ દરમિયાન પરંપરાગત માખણ મટકી ફોડ અને 'નંદ ઘેર આનંદ ભયો' ના નાદ સાથે સમગ્ર શાળાનું પ્રાંગણ ગુંજી ઉઠ્યું હતું. શાળાના ટ્રસ્ટી કિરીટ પંડ્યા અને શિક્ષકો પણ આ મહોત્સવમાં ઉત્સાહભેર જોડાયા હતા અને સૌને પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

### લુણાવાડાની એસ. કે. હાઇસ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી અને સાક્ષરતા સન્માન કાર્યક્રમ યોજાયો

**લુણાવાડા** | લુણાવાડાની શ્રી એસ. કે. હાઇસ્કૂલ ખાતે NSS યુનિટ



દ્વારા ૫મી સપ્ટેમ્બરે 'શિક્ષક દિન'ની ઉત્સાહભેર અને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે 'ઉલ્લાસ નવભારત સાક્ષરતા કાર્યક્રમ' અંતર્ગત ઉત્કૃષ્ટ સેવા આપનાર શાળાના NSS સ્વયંસેવક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન NSS કન્વીનર હિતેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ થયું હતું, જેમાં સાક્ષરતા અભિયાનમાં યુવાનોના યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું. અંતમાં શાળાના આચાર્ય અને શિક્ષકગણે તમામ સન્માનિત વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### નડિયાદના સરદાર વલ્લભભાઈ સ્ત્રી અધ્યાપન મંદિરમાં જન્માષ્ટમીની ભક્તિભાવપૂર્વક ઉજવણી

**નડિયાદ** | નડિયાદના સરદાર વલ્લભભાઈ સ્ત્રી અધ્યાપન મંદિરમાં



શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વની ખૂબ જ ભક્તિભાવપૂર્વક અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ શુભ પ્રસંગે સંસ્થાની તાલીમાર્થી બહેનોએ વિવિધ કૃષ્ણમય પ્રવૃત્તિઓ અને સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમના સુંદર અને ભક્તિમય આયોજન બદલ આચાર્યા ડો. પ્રીતિ રાઠોડે તાલીમાર્થી બહેનો તથા સમગ્ર અધ્યાપકગણને અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કર્યો હતો.

### વાસદની એસવીઆઈટી જીટીયુ ઝોન-3 વોલીબોલ સ્પર્ધામાં પ્રથમ વખત ચેમ્પિયન બન્યું

**આણંદ** | બાકરોલ ખાતે યોજાયેલી ટીડીયુ ઝોન-3 વોલીબોલ સ્પર્ધામાં એસવીઆઈટી વાસદની ભાઈઓની ટીમે શાનદાર રમતનું પ્રદર્શન




કરી પ્રથમ વખત ચેમ્પિયન બનવાની ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. સેમિફાઇનલમાં એસવીઆઈટીની ટીમે ગત વર્ષની ચેમ્પિયન અને આ વર્ષની મુખ્ય દાવેદાર ગણાતી BVMની ટીમને ૨-૧થી રોમાંચક હાર આપી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. જ્યારે ફાઇનલ મુકાબલામાં ટીમવર્ક અને કૌશલ્યના જોરે ગત વર્ષની ઉપવિજેતા SPCP, બાકરોલને ૨-૦થી હરાવી એકતરફી વિજય મેળવ્યો હતો. કોચ ડો. વિકાસ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ મળેલી સફળતા બદલ ચેરમેન ભાવેશભાઈ પટેલ અને આચાર્ય ડો. ડી.પી.સોની સહિત સમગ્ર પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીની એકદિવસીય તાલીમ યોજાઈ

**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી સંચાલિત ડાંગર સંશોધન કેન્દ્ર,



ડભોઈ ખાતે સરદાર સરોવર પ્રોજેક્ટ યોજના અંતર્ગત એક દિવસીય તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ તાલીમ વર્ગમાં પ્રાકૃતિક ખેતી માટે દત્તક લીધેલા ભીલોડિયા ગામના આશરે ૩૫ જેટલા ખેડૂત ભાઈઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કેન્દ્રના સીનિયર રિસર્ચ ફેલો ડો. મિહિર મોઢ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અને તેના વિવિધ આયામો અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જ્યારે ખેતી મદદનીશ મહેશભાઇ એમ. રાઠવાએ પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ તેમજ તેનાથી જમીનની ગુણવત્તા કેવી રીતે સુધારી શકાય તેની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી.

### ખેડા શહેરમાં જન્માષ્ટમી પર્વે ભવ્ય શોભાયાત્રા અને મટકીફોડ મહોત્સવ યોજાયો

**ખેડા** | ખેડા શહેરમાં 'ગર્વ સે કહો હિન્દુ હૈ' સંગઠન દ્વારા ભદ્રકાળી



મંદિરથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેર અને તાલુકામાંથી મોટી સંખ્યામાં ઉમટેલા યુવાનોના 'જય કનૈયા લાલ કી' ના નાદથી સમગ્ર રસ્તાઓ ભક્તિમય બન્યા હતા. આ ધાર્મિક મહોત્સવ દરમિયાન નગરના વિવિધ વિસ્તારોમાં ભક્તો દ્વારા ઉત્સાહપૂર્વક ૨૨ જેટલી મટકીઓ ફોડવામાં આવી હતી. શહીદ ભગતસિંહ ચોક ખાતે વંદે માતરમના ગાન સાથે શોભાયાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી, જ્યાં સુરક્ષા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત રખાયો હતો.

### વસોના પલાણાની વિઝન ચાઈલ્ડ કેર સ્કૂલમાં જન્માષ્ટમીની હર્ષોલ્લાસભેર ઉજવણી



**વસો** | પલાણા ખાતે આવેલી વિઝન ચાઈલ્ડ કેર સ્કૂલમાં જન્માષ્ટમી પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઈ, જેમાં નાના ભૂલકાઓ રાધા-કૃષ્ણના સુંદર શણગારમાં સજ્જ થઈને આવ્યા હતા. આ મહોત્સવની શરૂઆત ભગવાન શ્રીકૃષ્ણની આરતી અને પૂજનથી થઈ હતી, ત્યારબાદ વિદ્યાર્થીઓએ કૃષ્ણ લીલા પર આધારિત મનમોહક નૃત્યો અને નાટકો રજૂ કર્યા હતા. ઉજવણીનું મુખ્ય આકર્ષણ દહીંહાંડી (મટકી ફોડ) નો કાર્યક્રમ રહ્યો હતો, જેમાં બાળ ગોપાળોએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લઈ મટકી ફોડી હતી.

### વીરપુરના સરડીયાના કપિલાબેન સોલંકીને મહેમદાવાદના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરાયાં

**વીરપુર** | મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના સરડીયા ગામના વતની અને સિંહુજ કુમાર પીએમ શ્રી શાળાના મદદનીશ શિક્ષિકા



કપિલાબેન એમ. સોલંકીને શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવ્યા છે. નડિયાદના બ્રહ્માકુમારી હોલમાં યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં કલેક્ટર, ધારાસભ્ય અને તાલુકા વિકાસ અધિકારી સહિતના મહાનુભાવોના હસ્તે તેમને આ સન્માન એનાયત કરાયું હતું. શિક્ષણ ક્ષેત્રે તેમની ઉત્કૃષ્ટ કામગીરી અને વિદ્યાર્થીઓના ઘડતરમાં આપેલા નોંધપાત્ર યોગદાન બદલ તેમને આ પુરસ્કાર મળ્યો છે.

### વીરપુરના રસુલપુર ખાતે જમઝર માતાજીના મંદિરે પરંપરાગત ધજા આરોહણ કાર્યક્રમ યોજાયો



**વીરપુર** | વીરપુરના રસુલપુર ગામ ખાતે ડુંગર પર બિરાજમાન જમઝર માતાજીના પવિત્ર મંદિરે વાર્ષિક પરંપરા મુજબ ધજા ચઢાવવામાં આવી હતી. ક્ષત્રિય સમાજ વીરપુર, હરસિદ્ધિ ટ્રસ્ટ અને ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા આયોજિત આ ઉત્સવમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ધજા આરોહણના પાવન પ્રસંગે વિવિધ સંગઠનોના અગ્રણીઓ, આગેવાનો અને આસપાસના ગામોના યુવાનો માતાજીના જયઘોષ સાથે ઉત્સાહભેર જોડાયા હતા.